IPL 2026 આજની મેચ: MI VS RR — સમય: સાંજે 3:30 વાગ્યે — સ્થળ: મુંબઈ

KKR VS DC — સમય: સાંજે 7:30 વાગ્યે — સ્થળ: કોલકાતા

	ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
Q	RCB	14	9	5	0	18	0.783
Q	GT	14	9	5	0	18	0.695
Q	SRH	14	9	5	0	18	0.524
	RR	13	7	6	0	14	0.083
	PBKS	13	6	6	1	13	0.227
	KKR	13	6	6	1	13	0.011
	CSK	14	6	8	0	12	-0.345
	DC	13	6	7	0	12	-0.871
	MI	13	4	9	0	8	-0.510
	LSG	13	4	9	0	8	-0.702

લખનઉએ પંજાબ કિંગ્સને આપ્યો 197 રનનો લક્ષ્યાંક

જોશ ઈંગ્લિસ અને આયુષ બદોનીની આક્રમક બેટિંગ

અર્જુન તેંડુલકર સીઝનની પ્રથમ મેચ રમવા ઉતર્યો

લખનઉ, તા. 23 (પીટીઆઈ): જોશ ઈંગ્લિસના આક્રમક 72 રનની મદદથી લખનૌ સુપર જાયન્ટ્સે પંજાબ કિંગ્સ સામે 6 વિકેટે 196 રનનો મજબૂત સ્કોર બનાવ્યો છે. પ્લેઓફની રેસમાં ટકી રહેવા પંજાબ માટે આ મેચ જીતવી અનિવાર્ય છે.

લખનૌની શરૂઆત નબળી રહી હતી અને 69 રનમાં 3 વિકેટ પડી ગઈ હતી, પરંતુ આયુષ બદોનીએ માત્ર 18 બોલમાં 43 રન ફટકારીને આઈસીસી રેન્કિંગના નંબર-1 ઓલરાઉન્ડર અઝમતુલ્લા ઓમરઝાઈની એક જ ઓવરમાં 24 રન ઝૂડી કાઢ્યા હતા. બદોની આઉટ થયા બાદ ઈંગ્લિસે ઋષભ પંત (26 રન) સાથે ચોથી વિકેટ માટે 65 રનની ભાગીદારી કરી હતી.

ઈંગ્લિસે પોતાની 42 બોલની ઈનિંગ્સમાં હરીફ બોલર અર્શદીપ સિંહની ઓવરોમાં ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવીને 28 બોલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. પંજાબ તરફથી યુઝવેન્દ્ર ચહલે 25 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. અંતમાં અબ્દુલ સમદના અણનમ 37 રનની મદદથી લખનૌ સન્માનજનક સ્કોર સુધી પહોંચ્યું હતું. આ મેચમાં સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકરને પણ રમવાની તક મળી હતી, જે તેની આઈપીએલ કરિયરની છઠ્ઠી મેચ હતી.

લખનઉ સુપર જાયન્ટ્સ	રન	બોલ	4	6
ઈંગ્લિસ કો અય્યર બો શશાંક	72	44	9	2
અર્શીન કો પ્રભસિમરન બો ઓમરઝઈ	0	1	0	0
પૂરન બો યાનસેન	2	7	0	0
બદોની સ્ટ. પ્રભસિમરન કો ચહલ	43	18	5	3
પંત કો યાનસેન બો ચહલ	26	22	3	0
અબ્દુલ સામદ નોટ આઉટ	37	20	3	3
મુકુલ કો દુબે બો યાનસેન	1	3	0	0
અર્જુન નોટ આઉટ	5	5	0	0
વધારાના	10			
કુલ 20 ઓવરમાં 6 વિકેટે	196 રન			

વિકેટ પતન: 1-16, 2-20, 3-69, 4-134, 5-169, 6-172

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	3	0	52	0
અઝમતુલ્લાહ ઓમરઝઈ	3	0	29	1
માર્કો યાનસેન	4	0	33	2
યુઝવેન્દ્ર ચહલ	4	0	25	2
વિજયકુમાર વ્યશક	3	0	26	0
શશાંક સિંહ	3	0	29	1

IPLનો રોમાંચ: છેલ્લા દિવસ સુધી ખેંચાયો પ્લેઓફનો જંગ

નાના મેદાનોથી બોલરો હેરાન, ક્રિકેટના સાચા જાણકારો જાણે છે કે અસલી સિક્સર તો સ્ટેન્ડમાં બોલ પડે તેને જ કહેવાય

આ કોલમ લખનૌમાં પંજાબ કિંગ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાનારી આઈપીએલની 68મી મેચની સવારે લખાઈ રહી છે. લખનૌ અત્યારે પોઇન્ટ ટેબલમાં સૌથી નીચે છે અને તેથી તેઓ કોઈપણ ચિંતા વગર મુક્તપણે રમી શકે છે કારણ કે મેચના પરિણામથી તેમને બહુ ફરક પડવાનો નથી. હા, તેઓ જીતવા જરૂર ઈચ્છશે અને આશા રાખશે કે મુંબઈ તેમની છેલ્લી મેચ ન જીતે, જેથી તેઓ પોઇન્ટ ટેબલમાં આ પાંચ વખતની ચેમ્પિયન ટીમ કરતાં ઉપર રહીને સીઝન પૂરી કરી શકે. પંજાબ માટે આ મેચ જીતવી જ પડે તેમ છે, કારણ કે જો તેઓ હારશે તો પ્લેઓફમાં સ્થાન મેળવવાની રેસમાંથી બહાર થઈ જશે.

રાજસ્થાન, જે લીગની છેલ્લેથી બીજી મેચમાં વાનખેડે સ્ટેડિયમ પર મુંબઈ સામે રમવાનું છે, તે સારી રીતે જાણે છે કે જો તેઓ આ મેચ જીતી જશે તો પ્લેઓફમાં ચોથા સ્થાન માટે ક્વોલિફાય થઈ જશે અને ત્યારબાદ ઈડન ગાર્ડન્સ ખાતે રમાનારી લીગની છેલ્લી મેચ માત્ર ઔપચારિકતા જ રહી જશે, કારણ કે કોલકાતા જો જીતશે તો પણ પોઇન્ટ ટેબલમાં રાજસ્થાનથી ઉપર જઈ શકશે નહીં. જો પંજાબ જીતી ન શકે અને રાજસ્થાન પણ હારી જાય, તો છેલ્લી મેચ એ નક્કી કરશે કે પ્લેઓફમાં ચોથી ટીમ કઈ બનશે.

પ્લેઓફ માટે 'છેલ્લા સ્થાન'ની આ લડાઈ લીગના અંતિમ દિવસ સુધી પહોંચી છે, તે એ વાતની સાબિતી છે કે વર્ષો જતાં ટીમોના પ્રદર્શનમાં કેટલો સુધારો થયો છે અને હવે તેમની વચ્ચે બહુ મોટો તફાવત રહ્યો નથી. હા, ટી-20 ફોર્મેટ અનિશ્ચિતતાઓથી ભરેલું ફોર્મેટ છે અને મેચો માત્ર એકાદ ઓવરની અંદર જ બદલાઈ શકે છે, અને આવું જ આપણે કેટલીક મેચોમાં જોયું પણ છે. અહીં એવી મેચો પણ જોવા મળી છે જે માત્ર સિક્સરોનો ઉત્સવ બનીને રહી ગઈ હોય, અને આનું શ્રેય મેચો માટે તૈયાર કરાયેલી બેટિંગ માટેની સુંદર પિચોને જાય છે. બોલ બેટ પર બહુ સરસ રીતે આવી રહ્યો છે અને તેથી બેટ્સમેનો લાઈનમાં આવીને સરળતાથી શોટ્સ રમી રહ્યા છે અને બોલની નીચે પહોંચીને તેને હવામાં ઉછાળીને મોટી મોટી સિક્સરો ફટકારી રહ્યા છે. હા, એવી સિક્સરો પણ જોવા મળી છે જે બાઉન્ડ્રી લાઈનની બિલકુલ નજીક જઈને જ પડી હોય, અને ભારતના

લેઈટ કટ

- સુનિલ ગવાસ્કર

મોટાભાગના મેદાનો નાના હોવાને કારણે બોલર માટે એ જોવું ખૂબ જ નિરાશાજનક હોય છે કે જે કેચ થવો જોઈતો હતો તે સિક્સર થઈ ગઈ.

મેદાનની બાઉન્ડ્રી કેમ મોટી કરવામાં આવતી નથી તેનું કારણ ક્યારેય સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. દરેક મેદાન પર બાઉન્ડ્રી લાઈનની દોરી અને એલઈડી એડવર્ટાઈઝિંગ બોર્ડ વચ્ચે સારું એવું અંતર હોય છે, અને એલઈડી બોર્ડથી આગળ દર્શકોને અલગ કરતી વાયરની જાળી સુધી પણ પૂરતી જગ્યા હોય છે. આ અંતરને કેમ સાવ ઘટાડીને નહિવત કરવામાં આવતું નથી તે પણ સમજાતું નથી, પરંતુ જો બાઉન્ડ્રીની દોરીને થોડીક ફીટ પણ પાછળ ધકેલવામાં આવે, તો તે સિક્સર અને કેચ વચ્ચેનો મોટો તફાવત લાવી શકે છે. સ્ટેડિયમમાં હાજર મોટાભાગના દર્શકોને કદાચ દોરીની સેજ ઉપરથી જતી સિક્સર ગમતી હશે, પરંતુ ક્રિકેટના સાચા જાણકારો જાણે છે કે અસલી સિક્સર તો એ જ કહેવાય જે સ્ટેન્ડમાં જઈને પડે. આપણે આ સીઝનમાં કેટલીક બહુ મોટી સિક્સરો પણ જોઈ છે અને તે દર્શાવે છે કે આજના સમયના બેટ કેટલી ઉત્તમ ગુણવત્તાના છે.

જો થોડા વધુ એલઈડી બોર્ડ લગાવવાનો ખર્ચ વધી જશે એ ડરથી બાઉન્ડ્રી મોટી કરવામાં ન આવતી હોય, તો તે વધારાના બોર્ડમાંથી મળનારી કમાણી દ્વારા એ ખર્ચને બરાબર સરભર કરી જ શકાય તેમ છે.

ઋષભ પંતે મેચ પછીના ઇન્ટરવ્યુમાં જે રીતે અણછાજતો શબ્દ વાપર્યો, તે આપણને એ વિચારવા મજબૂર કરે છે કે જે કેપ્ટનની ટીમ હમણાં જ થોડી મિનિટો પહેલાં મેચ હારી હોય, તેનો તરત ઇન્ટરવ્યુ લેવો શું જરૂરી છે? જો મેચ છેલ્લી ઓવર સુધી ખેંચાઈને પૂરી થઈ હોય, તો કેપ્ટનની નિરાશા સ્વાભાવિક રીતે જ ઘણી વધારે હોય છે અને વળી જો તે વિકેટકીપર પણ હોય જેણે આ આકરી ગરમીમાં દરેક બોલે સ્ટમ્પ તરફ દોડાદોડી કરવી પડી હોય, તો તેનો થાક અને અકળામણ હજી વધી જાય છે. એના કરતાં એ વિચાર વધુ સારો હોઈ શકે કે વિજેતા ટીમના 'પ્લેયર ઓફ દ મેચ' સાથે પહેલા વાત કરવામાં આવે અને હારેલી ટીમના કેપ્ટનને થોડો સમય આપવામાં આવે જેથી તે મોઢા પર પાણી છાંટીને પોતાનો ગુસ્સો શાંત કરી શકે અને પછી ઇન્ટરવ્યુ માટે આવે. આમ પણ, પ્રેઝન્ટેશનની તૈયારીઓ થવામાં થોડો સમય તો લાગતો જ હોય છે, તેથી હારેલી ટીમના કેપ્ટનને થોડીક વધુ મિનિટો આપવાથી આવી અણધારી ઘટનાઓ બનતી અટકાવી શકાશે.

ઋષભ પંત ક્રિકેટ જગતના સૌથી હસમુખા ખેલાડીઓમાંથી એક છે જેને પોતાની અનોખી શૈલીમાં આ રમત રમવી ગમે છે. અને સત્ય એ છે કે જો તેના જેવો શાંત ખેલાડી પણ પોતાનો કાબુ ગુમાવી બેસતો હોય, તો એ વાત બિલકુલ સાબિત થાય છે કે હારેલી ટીમના કેપ્ટનને પોતાના વિચારો શાંત કરવા માટે થોડી મિનિટોનો સમય મળવો જ જોઈએ, નહીં કે તે હજી પૂરો શ્વાસ પણ ન લઈ શક્યો હોય અને તેના મોઢા આગળ માઇક ધરી દેવામાં આવે. શું આટલી નાની માગણી કરવી એ બહુ વધારે પડતું છે?

દિલ્હી હાઇકોર્ટે વિનેશ ફોગાટને એશિયન ગેમ્સની ટ્રાયલ્સમાં રમવાની મંજૂરી આપી

કુસ્તી સંઘની પસંદગી નીતિ ભેદભાવપૂર્ણ, માતૃત્વ રજા પર ગયેલા દિગ્ગજ ખેલાડીઓને બહાર રાખવાનો કોઈ અધિકાર નથી: અદાલત

30-31 મે ના રોજ યોજાનારી ટ્રાયલ્સનું વીડિયો રેકોર્ડિંગ થશે; ઓલિમ્પિક એસોસિએશન અને સ્પોર્ટ્સ ઓથોરિટીના નિરીક્ષકો હાજર રહેશે

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે જાણીતા મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટને આગામી એશિયન ગેમ્સની ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપી દીધી છે. કોર્ટે કહ્યું કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ની પસંદગી નીતિ ભેદભાવપૂર્ણ છે, કારણ કે તેમાં મેટરનિટી બ્રેક એટલે કે માતૃત્વ રજા બાદ પરત ફરી રહેલા તેના જેવા દિગ્ગજ ખેલાડીના નામ પર વિચાર કરવાની કોઈ છૂટ રાખવામાં આવી નથી.

ચીફ જસ્ટિસ ડી કે ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે આદેશ આપ્યો છે કે 30 અને 31 મેના રોજ યોજાનારી આ ટ્રાયલ્સનું ફેડરેશન દ્વારા વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવે. આ સિવાય સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA)ના એક-એક સ્વતંત્ર નિરીક્ષક પણ ત્યાં હાજર રહેશે.

અદાલતે સ્પષ્ટ કર્યું કે માતૃત્વને ક્યારેય વ્યાવસાયિક અવરોધ અથવા નકારાત્મક વ્યવહારનું કારણ માની શકાય નહીં. કાયદાએ એ સુનિશ્ચિત કરવું જ જોઈએ કે માતૃત્વના કારણે વિનેશ ફોગાટ જેવી મહિલા ખેલાડીઓને રમતમાંથી બહાર થવું ન પડે. ફેડરેશન દ્વારા વિનેશને પાઠવવામાં આવેલી કારણ જણાવો નોટિસમાં વર્ષ 2024ની પેરિસ ઓલિમ્પિકમાં તેના અયોગ્ય ઠરવાને 'રાષ્ટ્રીય શરમ' ગણાવવા બદલ પણ કોર્ટે સખત વાંધો ઉઠાવ્યો હતો. અદાલતે આ શબ્દપ્રયોગને અત્યંત ખેદજનક અને બદલાની ભાવનાથી પ્રેરિત ગણાવ્યો હતો. અગાઉ ફેડરેશને એન્ટી ડોપિંગ નિયમો હેઠળ નિવૃત્તિ પરથી પરત ફરતા ખેલાડીઓ માટેના 6 મહિનાના નોટિસ પિરિયડનો હવાલો આપીને વિનેશને 26 જૂન સુધી સ્થાનિક સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે અયોગ્ય જાહેર કરી દીધી હતી. પરંતુ કોર્ટે બંધારણની કલમ 14 અને 21 હેઠળ બિન-ભેદભાવના સિદ્ધાંતોને આધારે વિનેશના હિતોનું રક્ષણ કરીને રમત અને ન્યાયના હિતમાં તેને ટ્રાયલ્સમાં રમવાની વચગાળાની મંજૂરી આપી છે.

અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સના મુખ્ય સ્ટેડિયમો 2029 સુધીમાં થઈ જશે તૈયાર

મોટેરાનું SVP સ્પોર્ટ્સ એન્ક્લેવ અને ગાંધીનગરની કરાઈ પોલીસ એકેડેમી બનશે કોમનવેલ્થ ગેમ્સના મુખ્ય કેન્દ્રો

અમદાવાદમાં આજે કોમનવેલ્થ ગેમ્સ ડેની ભવ્ય ઉજવણી

અમદાવાદ, તા. 23 (પીટીઆઈ): અમદાવાદમાં વર્ષ 2030માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ (CWG) દરમિયાન એક્વાટિક્સ (જળ રમતો) અને એથ્લેટિક્સ જેવી મુખ્ય સ્પર્ધાઓનું આયોજન કરવા માટેના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ 2029 સુધીમાં સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે તેવું સ્થાનિક આયોજકોએ શનિવારે જણાવ્યું છે.

આ રમતો માટે મોટેરા ખાતેનું સરદાર વલ્લભભાઈ પટેલ (SVP) સ્પોર્ટ્સ એન્ક્લેવ અને ગાંધીનગર નજીક કરાઈ ખાતેની ગુજરાત પોલીસ એકેડેમી મુખ્ય કેન્દ્રો રહેશે. આ રમત મહોત્સવમાં કુલ 17 રમતોનો સમાવેશ કરાશે, જેમાં ભારતે શૂટિંગ, બેડમિન્ટન અને હોકી જેવી રમતોને પણ સામેલ કરવાનું વચન આપ્યું છે. 335 એકરમાં ફેલાયેલા SVP સ્પોર્ટ્સ એન્ક્લેવમાં વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ઉપરાંત અન્ય ત્રણ આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. અહીં 12,000ની ક્ષમતા ધરાવતું એક્વાટિક્સ સેન્ટર 2029ના બીજા ક્વાર્ટરમાં અને 24,000ની ક્ષમતા ધરાવતું ટેનિસ કોર્ટ તેમજ 18,000ની ક્ષમતાવાળું મલ્ટિપર્પઝ એરેના તે જ વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં તૈયાર થઈ જશે. બીજી તરફ, કરાઈ ખાતેની 143 એકરની ગુજરાત પોલીસ એકેડેમીમાં 50,000ની ક્ષમતા ધરાવતું એથ્લેટિક્સ સ્ટેડિયમ સપ્ટેમ્બર 2028 સુધીમાં અને 4,000ની ક્ષમતાવાળું ઈન્ડોર-આઉટડોર શૂટિંગ સેન્ટર માર્ચ 2029 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

મુંબઈ સામે આજે રાજસ્થાન રોયલ્સનો અગ્નિપરીક્ષા સમાન મુકાબલો

રાજસ્થાનની ટીમને પ્લેઓફમાં પહોંચવા માટે કોઈપણ ભોગે જીત જરૂરી

આ મેચ જીતી મુંબઈની ટીમ સન્માન સાથે સીઝન પૂરી કરવા મેદાને ઉતરશે

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર બપોરે 3.30 વાગ્યાથી

મુંબઈ, તા. 23 (પીટીઆઈ): રાજસ્થાન રોયલ્સની ટીમ રવિવારે અહીં સંઘર્ષ કરી રહેલી મુંબઈ ઈન્ડિયન્સ સામે ટકરાશે ત્યારે તેમનો લક્ષ્ય પ્લેઓફમાં છેલ્લું સ્થાન પાકું કરવા માટે પૂરી તાકાત લગાવવાનો રહેશે. રવિવારની બપોરે કાળઝાળ ગરમી અને ભેજવાળા વાતાવરણમાં રમાનારો આ મુકાબલો બંને ટીમોની ક્ષમતા અને ફિટનેસની આકરી કસોટી કરશે. મુંબઈની ટીમ આખરી મેચ જીતીને આશ્વાસન મેળવવા માંગશે, જ્યારે રાજસ્થાનની ટીમ સારી રીતે જાણે છે કે અહીં હાર મળતાં જ તેઓ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ જશે.

હાલમાં 14 પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહેલી રાજસ્થાનની ટીમને મુંબઈ સામે જીતવું અનિવાર્ય છે. પરંતુ જો રાજસ્થાન આ મેચ હારી જશે, તો તેમણે પ્લેઓફમાં પહોંચવા માટે પંજાબ અને કોલકાતા બંને પોતાની છેલ્લી મેચો હારે તેની રાહ જોવી પડશે. મુંબઈ ઈન્ડિયન્સ માટે સૌથી મોટો ખતરો યશસ્વી જયસ્વાલ સાબિત થઈ શકે છે, જેણે ગુવાહાટીમાં જસપ્રિત બુમરાહ અને તેની ટીમ સામે માત્ર 32 બોલમાં 77 રન ફટકારીને મેચનો ફેંસલો કર્યો હતો. જોકે, રાજસ્થાનની ટીમને તેમના કેપ્ટન રિયાન પરાગ અને ધ્રુવ જુરેલ પાસેથી વધુ સારા પ્રદર્શનની આશા રહેશે. બીજી બાજુ મુંબઈ પોતાના સન્માન માટે આ મેચ જીતવા પૂરો પ્રયત્ન કરશે. મુંબઈના સ્ટાર ખેલાડીઓ સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા અને તિલક વર્મા પાસે આ છેલ્લી મેચમાં શાનદાર પ્રદર્શન કરીને સીઝનનો સકારાત્મક અંત લાવવાની સુવર્ણ તક રહેશે.

જીનીવા ઓપન: ભામ્બ્રી અને વિનસ રનર્સ અપ રહ્યા

ફાઇનલમાં ભારત-કિવી જોડીનો મોનાકો-ઓસ્ટ્રેલિયાની જોડી સામેની રોમાંચક મેચમાં પરાજય

જીનીવા, તા. 23 (પીટીઆઈ): ભારતના યુકી ભામ્બ્રી અને ન્યૂઝીલેન્ડનો તેના જોડીદાર માઈકલ વિનસ જીનીવા ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં રનર્સ-અપ (ઉપવિજેતા) રહ્યા છે.

શનિવારે રમાયેલી એટીપી 250 ડબલ્સની ફાઈનલમાં આ ત્રીજી ક્રમાંકિત ભારત-કિવી જોડીનો મોનાકોના રોમેન આર્નેઓડો અને ઓસ્ટ્રેલિયાના માર્ક પોલમેન્સ સામેની રોમાંચક મેચમાં 6-3, 6-7(7), 7-10થી પરાજય થયો હતો. લગભગ 2 કલાક સુધી ચાલેલી આ ટાઈટલ મેચમાં ભામ્બ્રી અને વિનસે પહેલો સેટ જીતીને શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ પ્રતિસ્પર્ધી જોડીએ બીજો સેટ જીતીને મેચને ટાઈ-બ્રેકરમાં ખેંચી લીધી હતી. નિર્ણાયક ટાઈ-બ્રેકરમાં વિરોધી ખેલાડીઓએ શરૂઆતથી જ સરસાઈ મેળવીને જીત મેળવી હતી. ચાલુ સીઝનની આ પહેલી ફાઈનલમાં ભામ્બ્રી અને વિનસ સેમિફાઈનલમાં ચેક રિપબ્લિકની જોડીને 7-5, 6-3થી હરાવીને પહોંચ્યા હતા. ટાઈટલ ન જીતવા છતાં આ સફર ભામ્બ્રી માટે ખૂબ જ પ્રોત્સાહક રહી છે, જે તાજેતરના વર્ષોમાં ભારતનો ટોચનો ડબલ્સ ખેલાડી રહ્યો છે. હવે તે આગામી ફ્રેન્ચ ઓપન પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરશે.

પ્લેઓફની નજીવી આશા વચ્ચે પણ કોલકાતા અને દિલ્હી જીતવા માટે મક્કમ

કોલકાતાની ટીમે છેલ્લી 7 મેચોમાંથી 6 મેચ જીતીને શાનદાર વાપસી કરી છે

મેચનું જીવંત પ્રસારણ સાંજે 7.30 વાગ્યાથી

કોલકાતા, તા. 23 (પીટીઆઈ): કોલકાતા નાઈટ રાઈડર્સ અને દિલ્હી કેપિટલ્સની ટીમો રવિવારે અહીં આઈપીએલની આખરી લીગ મેચમાં આમને-સામને ટકરાશે ત્યારે તેમનો લક્ષ્ય જીત મેળવવાનો રહેશે. હાલમાં છઠ્ઠા સ્થાને રહેલી કોલકાતા અને આઠમા સ્થાને રહેલી દિલ્હી પ્લેઓફની રેસમાં ગાણિતિક રીતે જીવંત છે, પરંતુ શનિવારે પંજાબ કિંગ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચેની મેચના પરિણામ બાદ રવિવારનો આ મુકાબલો માત્ર ઔપચારિકતા બની શકે છે.

પંજાબની જીત દિલ્હીની આશાઓ સત્તાવાર રીતે સમાપ્ત કરી દેશે કારણ કે દિલ્હી વધુમાં વધુ 14 પોઈન્ટ સુધી જ પહોંચી શકે છે. 13 પોઈન્ટ ધરાવતી કોલકાતાની ટીમ જીત સાથે 15 પોઈન્ટ મેળવી શકે છે, પરંતુ પંજાબનો નેટ રન રેટ ઘણો સારો છે.

જો પંજાબ જીતે, તો કોલકાતાએ પ્લેઓફની આશા રાખવા માટે દિલ્હીને ઓછામાં ઓછા 52 રનથી હરાવવું પડશે. તે સિવાય રાજસ્થાન રોયલ્સ પણ જો મુંબઈ સામે જીતીને 16 પોઈન્ટ મેળવી લે તો પ્લેઓફનું છેલ્લું સ્થાન પાકું થઈ જશે.

કોલકાતાની ટીમે છેલ્લી 7 મેચોમાંથી 6 મેચ જીતીને તેમણે શાનદાર વાપસી કરી છે. રવિવારની મેચમાં યજમાન ટીમ તેમના મુખ્ય બેટ્સમેન અંગક્રિશ રઘુવંશી વગર મેદાને ઉતરશે, જેણે આ સીઝનમાં 5 અર્ધસદી સાથે 422 રન બનાવ્યા છે.

આ ઉપરાંત, ડાબા પગમાં ફ્રેક્ચર છતાં રમી રહેલા રહસ્યમય સ્પિનર વરુણ ચક્રવર્તીના રમવા અંગેનો નિર્ણય મેચ પહેલાં લેવાશે.

બીજી તરફ દિલ્હી કેપિટલ્સની બેટિંગ મુખ્યત્વે કેએલ રાહુલ પર નિર્ભર રહી છે, જેણે 13 ઈનિંગ્સમાં 533 રન બનાવ્યા છે. મધ્યમ ક્રમમાં ડેવિડ મિલરે પંજાબ સામે 28 બોલમાં 51 રન ફટકારીને થોડી મજબૂતી આપી હતી, પરંતુ દિલ્હીની બોલિંગમાં સાતત્યનો અભાવ રહ્યો છે.

અનુસંધાન... પાના પહેલાનું

કેલિફોર્નિયામાં કેમિકલ...

પત્રકાર પરિષદ દરમિયાન જણાવ્યું હતું કે, "આ સાવચેતીના ભાગરૂપે નથી. ... આ વસ્તુ નિષ્ફળ જવાની છે અને અમને ખબર નથી કે ક્યારે. અમે તે ક્યારે થશે અથવા તેને કેવી રીતે અટકાવી શકીએ તે શોધવાનો અમારો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છીએ." કોવીએ જણાવ્યું હતું કે ટેન્ક નિષ્ફળ થઈ શકે છે અને ક્રેક થઈ શકે છે, જેનાથી કેમિકલ જમીન પર વહી શકે છે, અથવા તે વિસ્ફોટ થઈ શકે છે.

ભારતના અનેક ભાગોમાં...

પંજાબ સહિતના દેશના ઉત્તરીય ભાગો, મધ્યપ્રદેશ અને ઝારખંડ તથા ઉત્તરીય મહારાષ્ટ્ર જેવા મધ્યભારતના વિસ્તારો અને બિહાર, ઓડિશા સહિતના પૂર્વ ભારતના વિસ્તારોમાં પણ છેલ્લા કેટલાક દિવસથી સખત ગરમી પડી રહી છે. દક્ષિણ ભારતના તેલંગાણામાં પણ સખત ગરમીનું મોજું છે. જો કે બીજા કેટલાક દક્ષિણી રાજ્યોમાં ગરમી ઓછી છે. રાજધાની દિલ્હીમાં પણ સખત ગરમીનું મોજું ચાલુ છે ત્યારે કેટલાક ભાગોમાં આજે વરસાદના છાંટાઓ પડતા ગરમીમાં થોડી રાહત મળી હતી.

અમેરિકી વિદેશમંત્રી રુબિયો...

મજબૂત ભાગીદારી માટે પોટસના વિઝનને આગળ વધારવા પર કેન્દ્રિત છે. ઉત્તમ ચર્ચાઓ અને સાથે મળીને વાસ્તવિક પ્રગતિ કરવા માટે આતુર છીએ!" મે ૨૦૧૨માં હિલેરી ક્લિન્ટને આ શહેરની મુલાકાત લીધી હતી તે પછી કોલકાતાની ધરતી પર પગ મૂકનારા રુબિયો પ્રથમ અમેરિકી વિદેશ મંત્રી બન્યા છે. યુએસ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, રુબિયો મધ્ય કોલકાતામાં સેન્ટ ટેરેસાના મિશનરીઝ ઓફ ચેરિટીના મુખ્ય મથક 'મધર હાઉસ' અને શહેરમાં આવેલા ચિલ્ડ્રન્સ હોમની મુલાકાત લેશે. બાદમાં મળેલા અહેવાલ મુજબ તેઓ મધર હાઉસની મુલાકાતે પહોંચ્યા હતા અને કલકત્તાની મુલાકાતો પતાવીને દિલ્હી રવાના થયા હતા. દિલ્હીમાં તેઓ મોદીને મળવા ઉપરાંત ભારતીય વિદેશ મંત્રી સાથે મંત્રણા કરવાનો અને મંગળવારે ક્વાડની બેઠકમાં ભાગ લેવાનો કાર્યક્રમ ધરાવે છે. મે ૨૩થી ૨૬ દરમિયાન નિર્ધારિત અને આગ્રા, જયપુર તથા નવી દિલ્હીનો સમાવેશ કરતો રુબિયોનો ભારત પ્રવાસ, ભારત સાથેની તેમની નિર્ધારિત ઊર્જા વાટાઘાટો અને ક્વાડ દેશોના મંત્રીઓ સાથેની બેઠક માટે રાજદ્વારી રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

મોદી-રુબિયો...

સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી." પીએમ મોદીએ કહ્યું, "ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વૈશ્વિક ભલાઈ માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે." અમેરિકાના વિદેશ વિભાગે જણાવ્યું હતું કે, સેક્રેટરી રુબિયો અને પીએમ મોદી વેપાર અને સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવા અને મહત્ત્વપૂર્ણ તેમ જ ઊભરતી ટેક્નોલોજી પર સહયોગ ઝડપી બનાવવા માટે સંમત થયા છે.

ચીનમાં કોલસાની...

છે, સાથે જ અકસ્માતના કારણની સંપૂર્ણ તપાસ કરવા અને કાયદા અનુસાર કડક જવાબદારી નક્કી કરવાનો આદેશ આપ્યો છે. વડા પ્રધાન લી કિયાંગે પણ આ સૂચનાઓનો પડઘો પાડતાં સમયસર અને સચોટ માહિતી જાહેર કરવા તેમજ કડક જવાબદારી નક્કી કરવા જણાવ્યું હતું. ક્વિનયુઆનમાં સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાધિકારીના જણાવ્યા અનુસાર, બચાવ કામગીરી ચાલુ છે અને અકસ્માતના કારણની તપાસ કરવામાં આવી રહી છે. ચીને વધુ કડક નિયમો અને સુરક્ષિત પદ્ધતિઓ દ્વારા 2000ના દાયકાની શરૂઆતથી કોલસાની ખાણોમાં થતા મૃત્યુ – જે મોટે ભાગે ગેસ વિસ્ફોટ અથવા પૂરને કારણે થાય છે – તેમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. જોકે, લિયુશેનયુની ઘટના પાછલા દાયકામાં ચીનમાં નોંધાયેલી સૌથી ઘાતક ઘટનાઓમાંથી એક હતી.

આજનું પંચાંગ

તા.24/05/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિઃ સુદ: નોમ : 28:32
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 03
યોગ : હર્ષણ **કરણઃ** બાવલ
નક્ષત્ર : પૂ.ફા. 26:51
રાશિઃ સિંહ (મ.ટ.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:00
સુરતમાં સૂર્યાસ્ત : 19:11
નવકારસી : 06:48
પારસી વર્ષ : 1395 દએ માસનો 13મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્કાદ માસનો 06ઠ્ઠો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુ કાળ : સાંજે 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): સંતાન જીવન સાથી મિત્રો સાથે મનોરંજન પ્રવાસ થાય. મોજ શોખના ધંધામાં આવક વધે.

વૃષભ (બ,વ,ઉ,): વડીલોની સલાહ ઉપયોગી રહેશે. નવા કામની યોજના બને. ઘરમા અવર-જવર વધે.

મિથુન (ક,છ,ઘ,): મનોરંજન, પ્રવાસ થાય. અચાનક અશાંતિજનક સમાચાર મળે. જીવન સાથીના આરોગ્યની ચિંતા.

કર્ક (ડ,હ,): વાણી પર કાબૂ રાખવો. બીજાના ભરોસે રહેવુ ભારે પડે. પરિવારમાં અશાંતિ રહે.

સિંહ (મ,ટ,): કોઇના જામીન થવુ નહી. ઘરમા વિવાદ ટાળવો. સમાજમાં તાલમેળ રાખવો પડશે.

કન્યા (પ,ઠ,ણ,): ગુપ્તભય સતાવે. સંતાનોથી અશાંતિ થાય. વિશ્વાસઘાતથી સાવધાન. પ્રવાસ ટાળવો. ખર્ચા વધશે.

તુલા (ર,ત,): જીવન સાથી અને મિત્રો તથા સંતાન સાથે સામાજીક પ્રવૃત્તિ થાયે મનોરંજન પ્રવાસ થાય.

વૃશ્ચિક (ન,ય,): જવાબદારી વધે. નવા ઘર માટે યોજના બને. સમાજમાં અશાંતિ રહે. નોકરીમાં જવાબદારી વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): વિદેશ પ્રવાસ, કાયદા કાનૂન, આયાત-નિકાસ ઉચ્ચ શિક્ષણ અને આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય.

મકર (ખ,જ,): પડવા વાગવાથી સાવધાન. સંતાનોની સમસ્યા સચાવે. આરોગ્યના ખર્ચા વધે. મન પર ભાર રહે.

કુંભ (ગ,સ,શ,ષ,): ભાગીદારીમાં તાલમેળ ઓછો રહે. સમાજમાં અશાંતિ રહે. રોજના કામની ચિંતા રહે.

મીન (દ,ચ,ઝ,થ,): આંખની કાળજી રાખવી. આરોગ્યની સમસ્યાનું સમાધાન થાય. ખર્ચાળ દિવસ

કોઈ પણ સાલમાં 24 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધા વ્યવસાયમાં ચડતી પડતી સાથે નવી તક મળે. ટેકનોલોજીનુ જ્ઞાન મળે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં વિઘ્નો આવે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉઘરાણીની ચિંત સતાવે. સંતાનોના અભ્યાસ કેરીયમાં પ્રગતિ થાય. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. નવા ઘર વાહન મકાન બાબતે પ્રગતિ થાય. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાગે. વારસા જાયદાદ જમીન બાબતે ચડતી પડતી રહે. મિત્રો વડીલોની મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. એપ્રિલ-મે-સપ્ટેમ્બર-ઓક્ટોબર શુક્ર શનિવાર 06, 15, 24, તારીખે નવા કામ કરવા. સફેદ અને ચમકીલા રંગોનો ઉપયોગ કરતા રહેવુ. જુલાઇ-ઓગસ્ટ બુધવાર 01, 10, 19, 28 તારીખે નવા કામ ટાળવા. ભૂરા અને ગ્રે કલરનો ઉપયોગ ટાળવો. શુક્રવારના ઉપાય કરતા રહેવું.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

વાળ ખરે છે?

વાળ અને ટાલ મુખ્યત્વે તમારા જનીન વારસાને અનુરૂપ હોય છે. પણ વાળની જાળવણી તમારી જીવનશૈલી પર આધાર રાખે છે. ગુંજાદિ તેલ માથે ભરવું. ભાંગરા નો સ્વરસ 500 ગ્રામ, લાલ- કાળી ચણોઠી નો ભૂકો 30 ગ્રામ, તલ તેલ 150 ગ્રામ ભેળવી ધીમા તાપે ઉકાળી પાણીનો ભાગ બળી જવા દો. તેલ ગાળીને ભરી લો. રોજ કે દર બે દિવસે એકવાર માથા ઉપર લગાડો. વાળ ખરતા અટકશે.